તરભોણમાં પ્રદૂષણ મામલે રોષ

તરભોણ પાટિયા પાસેની પ્રદૂષણ ઓકતી ફેક્ટરીઓ સામે **GPCB** દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ

લોકો ફેક્ટરી પર પહોંચ્યા તો ત્યાં પ્લાસ્ટિક વેસ્ટ બાળવામાં આવી રહ્યો હતો

બારડોલીઃ બારડોલીના ભુવાસણ ગામની સીમમાં તરભોણ પાટિયા પાસે બારડોલી નવસારી રોડ પર પાણી ભરાય જવાની ઘટના બાદ ફેક્ટરીઓના કોઠાકબાડા બહાર આવવા લાગ્યા છે. આજુબાજુના ગામના લોકોએ આજે ફેક્ટરી પર પહોંચી તપાસ કરતાં એક ફેક્ટરીમાં વેસ્ટ પ્લાસ્ટિક સળગાવવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. આવતીકાલે સોમવારના રોજ ભુવાસણ ગામે મોટી સંખ્યામાં ગ્રામજનો ભેગા થવાના હોવાનું જાણવા મળી રહ્યું છે. પ્રદૂષણ ઓકતી ફેક્ટરીઓ સામે GPCB દ્વારા પણ કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. જો આ મામલે કોઈ ઉકેલ ન આવે તો ગ્રામજનો આગામી દિવસોમાં આંદોલન કરવાના મૂડમાં હોવાનું જણાય રહ્યું છે.

આ અંગે મળતી માહિતી અનુસાર તરભોણ પાટિયા પાસે ગત ગુરુવારના રોજ ભારે વરસાદના કારણે રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. રોડની બાજુમાં જ ફેક્ટરીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામને કારણે પાણીનો નિકાલ નહીં થતાં આ સમસ્યા સર્જાય હતી. તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, નવી બની રહેલી ફેક્ટરીને ગ્રામ પંચાયત દ્વારા પરવાનગી પણ આપવામાં આવી નથી, તેમ છતાં મોટા ભાગનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. રવિવારના રોજ બારડોલીના તરભોણ, છીત્રા, વડોલી, નોગામા, પારડી, અમરોલી, વડોલી સહિતના ગામના લોકો તરભોણ ખાતે એકત્રિત થયા હતા અને કંપની સામે લડત લડવાની રણનીતિ નક્કી કરી હતી. ગ્રામજનો મીટિંગ બાદ કંપનીની મુલાકાતે પણ ગયા હતા, જ્યાં ચોંકાવનારી હકીકતો જાણવા મળી હતી. સ્કાયવીન નામની ફેક્ટરી દ્વારા રીતસરના પ્લાસ્ટિક બેસ્ટ બાળવામાં આવી રહ્યો હતો તેમજ ગંદુ પાણી કુદરતી કોતરોમાં છોડવામાં આવી રહ્યું હતું. ફળદ્રુપ જમીનોને પ્રદૂષણની અસર થઈ રહી હોય ગ્રામજનોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. આ અંગે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને વિસ્તારના અગ્રણી હેમંતસિંહ બારડે જણાવ્યું હતું કે સોમવારના રોજ ભુવાસણ ખાતે આજુબાજુના ગ્રામજનો એકત્રિત થવાના છે અને ફેક્ટરી સંચાલકો પાસે તેમની વિવિધ પરવાનગીના કાગળો રજૂ કરવા જણાવ્યું છે.

વહીવટી તંત્રની કામગીરી સામે ગ્રામજનોએ સવાલ ઊઠાવ્યા

ચર્ચા એ પણ છે કે જે કંપનીને બાંધકામની પરવાનગી જ આપી ન હતી તેનું કામ બંધ કરાવ્યા બાદ ફરીથી ચાલુ કરી દેવામાં આવ્યું હતું. બંધ કરાવવા ગયેલા ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓનું પણ ફેક્ટરી સંચાલકોએ સાંભળ્યું ન હતું અને દાદાગીરી કરી કામગીરી ચાલુ રાખી હતી. અંતે તાલુકા પંચાયત ઉપપ્રમુખ હેમંતસિંહ બારડે ચીમકી ઉચ્ચારતા કામગીરી બંધ કરી હતી. જો કે સમગ્ર મામલે બારડોલી વહીવટી તંત્રની ભૂમિકા પણ શંકાસ્પદ જણાઈ રહી છે.

સંચાલકોને કયા ડોક્યુમેટ્સના આધારે આ કનેક્શન પણ આપી દેવાયા?: ગ્રામજનો

નવી બની રહેલી ફેક્ટરીને ગ્રામ પંચાયત દ્વારા બાંધકામની પરવાનગી જ આપવામાં આવી નથી છતાં દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા હંગામી કનેક્શન આપી દેવામાં આવ્યું છે. ગ્રામજનોનું કહેવું છે કે, અમારે ખેતરો કે બાંધકામ માટે હંગામી કનેક્શન જોઈતું હોય તો અનેક ડોક્યુમેન્ટ આપવા છતાં મળવું મુશ્કેલ બને છે. જ્યારે ફેક્ટરી સંચાલકોને કયા ડોક્યુમેટ્સના આધારે આ કનેક્શન પણ આપી દેવાયા છે. આ મામલે પણ તપાસની માગ કરવામાં આવી રહી છે.

વિછિયાદમાં હજારો માછલાંના મોતમાં GPCBએ તળાવનાં સેમ્પલ લીધાં

ભરૂચઃ વાગરા તાલુકાના વિછિયાદ ગામે તળાવમાં હજારો માછલાંના મોતનો ઘટના ગત તા. 2 જુલાઈના રોજ આવી હતી, જોકે સરકારી અધિકારીઓ તરફથી કોઈ કાર્યવાહી ન થતાં ગામલોકોમાં આક્રોશ વ્યાપી ગયો છે. માછલાંના સામૂહિક મોતની જાણ થતાં જ ગામના આગેવાન પ્રદીપસિંહ યાદવે સ્થાનિક તલાટી અને સરપંચને તાત્કાલિક જાણ કરી હતી. ગરા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને પણ જાણ કરી છતાં તંત્ર તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં પ્રદીપસિંહે પોતાના સ્વખર્ચે મૃત માછલાંનો નિકાલ કરવાની ફરજ પડી હતી. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ટીમે તળાવના પાણીના નમૂના લઈ તપાસ અર્થે મોકલ્યા છે. હજુ સુધી અધિકૃત રિપોર્ટ આવ્યો નથી.

ભરૂચમાં રવિવારે વરસાદે વિરામ લીધો

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં રવિવારે વરસાદે થોડો વિરામ લીધો છે. બપોર બાદ આકાશ સાફ થતાં ઉઘાડ નીકળ્યો હતો. જિલ્લાના ૬ તાલુકામાં માત્ર સામાન્ય વરસાદ નોંધાયો, જ્યારે અંકલેશ્વરમાં સૌથી વધુ 16 મીમી (અડધો ઈંચથી વધુ) પાણી વરસ્યું હતું. જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, શનિવારે સાંજે 6થી રવિવારે સાંજે 6 વાગ્યા દરમિયાન અંકલેશ્વર 16 મીમી (સૌથી વધુ), જંબુસર 3 મીમી, આમોદ 3 મીમી, ઝઘડીયા 3 મીમી, વાલિયા 2 મીમી અને હાંસોટ ૧ મીમી પડ્યો હતો.

કીકવાડ નજીકથી 14 પશુ સાથે બે ઈસમ ઝડપાયા

બારડોલીઃ બારડોલીના નેશનલ હાઈવે નંબર ૫૩ પરથી પોલીસે ગેરકાયદે રીતે પશુઓનું વહન કરતો એક ટેમ્પો નવી કીકવાડ ગામ પાસેથી ઝડપી પાડી ૧૪ પશુને મુક્ત કરાવી બે ઈસમની અટકાયત કરવામાં આવી છે. પોલીસે ટેમ્પો (નં. જીજે ૨૩ એટી ૯૨૭૨)ની તલાશી લેતાં તેમાંથી ૧૩ ભેંસ અને ૧ પાડો મળી આવ્યાં હતાં. આ પશુઓને ઘાસચારા કે પાણીની સુવિધા વિના ટૂંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક ખીચોખીચ બાંધવામાં આવ્યા હતા. પોલીસે સુરતના ચાલક નબીરસુલ મુસ્તફા શેખ અને તેની સાથેના શરીફોદ્દીન આલીમોહીન શેખની અટકાયત કરી હતી. પૂછપરછમાં સામે આવ્યું કે આ પશુઓ સુરત સ્થિત તેમના તબેલામાંથી ભરીને મહારાષ્ટ્રના ધૂળિયા ખાતે પશુ બજારમાં લઈ જવાઈ રહ્યા હતા. આરોપીઓ પાસે પશુ વહન માટેની કોઈ પરમિટ કે પશુ ચિકિત્સકનું પ્રમાણપત્ર નહોતું. પોલીસે ટેમ્પો જપ્ત કરી બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીના મોતા ગામ પાસે અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મોત

બારડોલીઃ બારડોલીના મોતા ગામે એક અજાણ્યા કારચાલકે યુવકને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૂળ બિહારનો ૨૦ વર્ષીય શીવશંકર કામત બારડોલીના મોતા ગામમાં આવેલા ગોકુલમ બંગલોઝમાં રહેતો હતો અને નજીકની કેન્ટિનમાં કામ કરતો હતો. વિતેલા શુક્રવારની રાત્રિએ શીવશંકર અને તેની સાથી કર્મીઓ સાથે નોકરી પૂરી કરી બારડોલીથી મોતા જતાં રોડની સાઈડ પર ચાલતા રૂમ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન મોતા ગામની સીમમાં ગોકુલમ ટ્વિન્સ બંગલો પાસે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા ફોર વ્હીલરના ચાલકે શીવશંકરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં શીવશંકરને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. બારડોલી રૂરલ પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પિતાએ ઘરેલું ઝઘડામાં કુહાડી ઝીંકી પુત્રની હત્યા કરી

ડેડિયાપાડા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો

સાગબારાઃ ડેડિયાપાડા તાલુકાના ધનખેતર ગામમાં એક ચોંકાવનારી ઘટના બની છે, જ્યાં નજીવી ઘરેલું બાબતમાં થયેલા ઝઘડાનો પારો એટલો ઉગ્ર બન્યો કે પિતાએ પોતાના સગા પુત્ર પર કુહાડી વડે હુમલો કરી તેની હત્યા કરી નાખી. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફેલાવી દીધું છે.

પ્રાપ્ત માહિતી અને પોલીસ તપાસ મુજબ, તા. 2 જુલાઈની રાત્રે ધનખેતર ગામે આરોપી જાડીયાભાઈ ઉબડીયાભાઈ વસાવા અને તેમના પુત્ર હેમંતભાઈ વચ્ચે કોઈ ઘરેલું મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો એટલો વકર્યો કે પિતાએ કુહાડી ઉપાડી અને પુત્રના ગળા અને હાથના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા. આ ભયાનક હુમલામાં હેમંતભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. બનાવ બાદ મૃતકની માતાએ ડેડિયાપાડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ડેડિયાપાડા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી અને ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી જાડીયાભાઈને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપી અગાઉ પણ મારામારી સહિતના ગુનાઓ સંડોવાયેલા છે.

જોળવામાં નકલી ટોઈલેટ લિક્વિડ, શેમ્પુ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

13.22 લાખની મતા કબજે, કામરેજના વેપારીની અટકાયત

પલસાણાઃ સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પલસાણાના જોળવા ગામે એક દુકાનમાં દરોડો પાડીને જાણીતી બ્રાન્ડના નામે નકલી ટોઈલેટ ક્લિનર, ફ્લોર ક્લિનર અને શેમ્પુ બનાવવાનું મસમોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. પોલીસે આ મામલે એક ઈસમને અટકાયતમાં લઈને કુલ ૧૩,૨૨,૪૩૬ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે, જોળવા ગામની સીમમાં આવેલા શિવ પેલેસ શોપિંગની દુકાન નંબર ૧ અને ૨ માં કોઈ પણ આધાર-બિલ વગર અલગ-અલગ બ્રાન્ડના લિક્વિડ પ્રોડક્ટ્સનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે પોલીસની ટીમે શિવ પેલેસની દુકાનોમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ત્યાંથી હિન્દુસ્તાન યુનિલિવર, રેકિટ બેન્કિસર અને ઈમામી લિમિટેડ જેવી દેશની પ્રતિષ્ઠિત કંપનીઓના ભળતા નામથી તૈયાર કરાયેલા શંકાસ્પદ ટોઈલેટ ક્લિનર, ફ્લોર ક્લિનર અને શેમ્પુનો મોટો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પર હાજર વ્યક્તિ પાસે આ બાબતનું કોઈ પણ લાઈસન્સ કે પરવાનગીના દસ્તાવેજો મળી આવ્યા ન હતા. પોલીસે ઘટનાસ્થળેથી પ્રતિષ્ઠિત બ્રાન્ડના ડુપ્લિકેટ સ્ટિકરો મારેલો મોટો જથ્થો જપ્ત કર્યો છે. જેમાં લાઈઝોલ ફ્લોર ક્લિનર, હારપીક ટોઈલેટ ક્લિનર, સનસિલ્ક કંપનીના શેમ્પુ, ઈમામી કેશ કિંગ શેમ્પુ સહિતનો કુલ ૧૩,૨૨,૪૩૬ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ગેરકાયદે ફેક્ટરી ચલાવતા ૩૨ વર્ષીય વેપારી વિવેક દિપકભાઈ ફળદુ (રહે., શગુન રેસિડેન્સી, નનસાડ રોડ, કામરેજ, મૂળ રહે., નાપાણીયા-ખીજ ડીયા, જામનગર)ને પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કીમ બ્રિજ પર ઓડી કારની ટક્કરે બાઈકચાલક ગંભીર

કાર રોંગ સાઈડથી આવી રહી હતી, કારચાલક સુરતના સરથાણા વિસ્તારનો

કીમઃ ઓલપાડના કીમ રેલવે ઓવરબ્રિજ પર શનિવારે રાત્રે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં રોંગ સાઈડમાં પૂરઝડપે દોડી આવેલી ઓડી કારની ટક્કરથી બાઈકચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, કઠોદરા ગામના ટેકરા ફળિયામાં રહેતા હસન અનવર કીમ-કુડસદ રોડ પર સ્ટેશન મસ્જિદ નજીક આલુપૂરીની લારી ચલાવે છે. શનિવારે રાત્રે લારી બંધ કરી તેઓ પોતાની મોટરસાઈકલ (નં. GJ 05 GS 4511) પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે કીમ રેલવે ઓવરબ્રિજ પર રોંગ સાઈડમાં આવી રહેલી ઓડી કાર (નં. GJ 19 BE 6802)ના ચાલકે બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં હસન અનવર સિદ્દાતને ગંભીર ઈજા થતાં કીમની સાધના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ અકસ્માત સમયે ઓડી કારમાં ત્રણ વ્યક્તિ સવાર હતા. કારચાલક સુરતના સરથાણા વિસ્તારનો હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક લોકોએ કારચાલક નશાની હાલતમાં હોવાનો આક્ષેપ કર્યો હતો, પોલીસે ત્રણેય વ્યક્તિઓને અટકમાં લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આડાસંબંધની શંકામાં પત્ની પર જીવલેણ હુમલો કરી પતિનો આપઘાત

વ્યારાઃ તાપીમાં ઉચ્છલ તાલુકામાં ધજ ગામે આડાસંબંધનો વહેમ રાખી પતિએ પત્ની પર કોઈ હથિયાર વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી પોતે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર મચી હતી. ગત તારીખ 03-07-2026 ના રોજ રાત્રિથી બીજા દિવસના મળસ્કે 5 વાગ્યા સુધીનાં સમયગાળા દરમિયાન આરોપી બચુભાઈ બળવંતભાઈ ગામીત (ઉં.વ.60, રહે., નિશાળ ફળિયું, ધજ ગામ, તા.ઉચ્છલ, જિ.તાપી)એ પોતાની પત્ની સુમીબેનના ગાલ અને માથાના ભાગે કોઈ હથિયારથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી પત્નીની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ પોતે પાપડીના ઝાડ સાથે દોરી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જ્યારે સુમીબેન ગંભીર રીતે ઘાયલ થયા હોય 108 એમ્બ્યુલન્સ દ્વારા સુરત ખાતે સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી છે. સમગ્ર બનાવ અંગે ઉચ્છલ પોલીસે આરોપીના પુત્ર રાહુલ ગામીતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાવમાં ચોરી કરતાં બે પકડાયા લોકોએ મારતા એક હોસ્પિટલમાં

એક મહિના અગાઉની ચોરીનો ભેદ પણ ઉકેલાયો

કામરેજઃ કામરેજ તાલુકાના વાવ ગામે આવેલી આર.કે. કોલોનીમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસેલા ગામના જ એક યુવક સહિત બેને સ્થાનિકોએ રંગેહાથ ઝડપી પાડી મેથીપાક આપ્યો હતો. લોકોના મારના કારણે ઈજાગ્રસ્ત બનેલા એકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે વાવ ગામે આર.કે. કોલોનીમાં રહીને ફોટોગ્રાફરનો વ્યવસાય કરતા કુણાલ મિતુભાઈ લેનકાના ઘરમાં એક મહિના અગાઉ ૧૫ ગ્રામની સોનાની ચેઈનની ચોરી થઈ હતી. ત્રણ દિવસ અગાઉ વહેલી સવારના આશરે ૪:૦૦ કલાકે કુણાલના ઘરમાં અચાનક બોલાચાલીનો અવાજ આવ્યો હતો. જાગીને તપાસ કરતાં ઘરમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસેલો યુવક બીજો કોઈ નહીં પણ ગામનો જ પ્રિન્સ નવીનભાઈ પટેલ હોવાનું બહાર આવ્યું હતું. સ્થાનિકોએ પ્રિન્સને બેસાડીને કડકાઈથી પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે, એક મહિના અગાઉ કુણાલના ઘરમાંથી સોનાની ચેઈનની ચોરી તેણે જ પોતાના મિત્ર હર્ષ કલ્પેશ પટેલ (રહે. નવુ ફળીયુ, લશ્કાણા) સાથે મળીને કરી હતી. લોકોએ બહાર જઈને હર્ષને પણ ઝડપી લીધો હતો. બંને આરોપીઓ પકડાઈ જતાં રોષે ભરાયેલા લોકોએ તેમને બરાબરનો માર માર્યો હતો, જેમાં પ્રિન્સ પટેલને ઈજાઓ થતાં તેને સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. આ અંગે કામરેજ પોલીસે બંને શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીમાં યુવતીની છેડતી કરનાર સામે ગુનો

બારડોલીઃ બારડોલીમાં બ્યુટી પાર્લરનો કોર્સ કરતી ૨૦ વર્ષીય યુવતીની છેડતી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, યુવતી રામજી મંદિર નજીક આવેલા ટ્રસ્ટમાં બ્યુટી પાર્લરનો કોર્સ કરવા માટે જતી હતી. આ દરમિયાન બારડોલીના નવી કીકવાડ કોળી ફળિયામાં રહેતો ૨૮ વર્ષીય આનંદ અરવિંદભાઈ રાઠોડ નામનો શખ્સ તેનો પીછો કરતો હતો. ગત ૪ જુલાઈએ આરોપીએ જાહેર રોડ પર યુવતી પાસે તેના મોબાઈલ નંબરની માંગણી કરી હતી. એટલું જ નહીં, આરોપીએ અશ્લીલ અને ગંદા ઈશારા કરીને યુવતીની પજવણી કરી છેડતી કરી હતી. આ બાબતે પીડિતાએ હિંમત દાખવી બાર ડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૭૫(૨) અને ૭૮(૨) હેઠળ ગુનો નોંધી આરોપી સામે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ભીલોડમાં વૃદ્ધા પર ધારિયાથી હુમલો

પુત્રને બચાવવા જતાં હુમલામાં વૃદ્ધાનો હાથ કપાઈ ગયો

ભરૂચઃ વાલિયાના ભીલોડ ગામમાં શનિવારે સાંજે એક ચોંકાવનારી ઘટના બની છે. ગામના જ એક યુવકે પોતાના પુત્રને બચાવવા આવેલી 60 વર્ષીય વૃદ્ધ માતા પર ધારિયા વડે હુમલો કરી દીધો હતો. જેમા વૃદ્ધાનો હાથ તૂટીને ચામડી સાથે લટકી ગયો ગયો હતો.

ભીલોડ ગામના મંદિર ફળિયામાં રહેતા ૪૪ વર્ષીય જયેન્દ્રભાઈ વસાવાએ સ્મશાન નજીક ગામની યુવતીઓ સાથે બહારના યુવકને જોઈ તેને સાથે લાવનાર ગામના જ સુમિત વસાવાને ટોક્યો હતો. આ ઘટનાનો રોષ રાખીને સુમિત વસાવા તેના હાથમાં ધારિયું લઈને જયેન્દ્રભાઈના ઘરે આવ્યો અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી. આ ઘટના વખતે જયેન્દ્રભાઈ પોતાની જાન બચાવવા ભાગી ગયા. દરમિયાન, તેમની 60 વર્ષીય માતા સોમીબેન, જેઓ ઘરની ઓસરીમાં બેઠાં હતાં, તેમણે આરોપીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સીધું સોમીબેન પાસે દોડી જઈને હાથમાં રહેલા ધારિયા વડે તેમના ડાબા હાથ પર ઉપરથી પ્રહાર કર્યો. આ ગંભીર પ્રહારમાં સોમીબેનનો હાથ કાંડાથી ઉપરના ભાગે ભાંગી ગયો અને ચામડી સાથે લટકતો રહી ગયો. સુમિતે ઈજાગ્રસ્ત સોમીબેનને ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સોમીબેનને ભરૂચ બાદ વધુ સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં હતા. જયેન્દ્રભાઈએ વાલિયા પોલીસમાં ઘટના અંગે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કડોદરા GIDCમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણાઃ કડોદરા ખાતે પ્રિયા ડાઈંગ મીલ વાળી ગલીમાં આવેલ જય ખોડીયાર ટેક્સટાઈલ (૧૧-૧૨)ની કંપનીની રૂમમાં રહેતા અને ત્યાં જ નોકરી કરતાં ૨૭ વર્ષીય અમર ગયાધર સેનાપતી (મૂળ રહે., ઓડિસા) એ શુક્રવારની સવારે પોતાની રૂમમાં ઉપર લગાવેલા પતરા નીચેની લોખંડની એન્ગલ સાથે ગમછો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે વધુ પૂછપરછ કરી રહી છે.

ટકારમા ગામે ઝેરી દવા પી લેતાં મહિલાનું સારવાર દરમિયાન મોત

કીમઃ ઓલપાડના ટકારમાં ગામે રહેતી 38 વર્ષીય પરિણીતાએ ખેતરમાં વપરાતી પેરાપોટ નામની ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો હતો. ટકારમાં ગામે ગુજરાતી શાળાની સામે રહેતી હિમાનીબેન જતીનભાઈ પટેલ (ઉ.વ.38)એ તા. 2 જુલાઈની રાત્રે પોતાના ઘરે પેરાપોટ નામની ઝેરી દવા પી લીધી હતી. તેમની તબિયત લથડતાં પતિ જતીનભાઈ પટેલ તેમને સૌપ્રથમ સુરતની BAPS હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે સવાર દરમિયાન મોત થયું હતું. કીમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં શંકાસ્પદ કોપર વાયરના 18 કિલો ભંગાર સાથે એક ઝડપાયો

ભરૂચઃ ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે શંકાસ્પદ કોપર વાયરના ભંગાર સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. પોલીસે રાકેશભાઈ દિલીપભાઈ સંઘવી (રહે., ભાલીયાવાડનો ટેકરો, ભરૂચ)ને 18 કિલોગ્રામ શંકાસ્પદ કોપર વાયરના ભંગાર સાથે પકડ્યો હતો. અંદાજે રૂ.18 હજારની કિંમતના આ ભંગાર અંગે આરોપી કોઈ સંતોષકારક પુરાવા કે કાયદેસરના દસ્તાવેજ રજૂ કરી શક્યો ન હતો. આ કેસમાં વધુ પૂછપરછ અને સંડોવાયેલા અન્ય લોકો વિશેની માહિતી મેળવવા પોલીસ તપાસ ચાલુ રાખી છે.

કોસંબામાં હત્યાના પ્રયાસનો આરોપી છ વર્ષે ઝડપાયો

હથોડાઃ કોસંબા પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૨૦ના ખૂનની કોશિશ તથા આર્મ્સ એક્ટ જેવા ગંભીર ગુનામાં છેલ્લાં છ વર્ષથી વોન્ટેડ આરોપી ઝહીર જમીલ સૈયદ (ઉ.વ.૪૨, રહે., મહમદી મસ્જિદ પાસે, કોસંબા)ને LCB ટીમે બાતમીના આધારે કોસંબા-તરસાડી મોટા મંદિર પાસેથી ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીએ પોતાના ગુનાની કબૂલાત કરતા આગળની કાર્યવાહી માટે તેને કોસંબા પોલીસ સ્ટેશનને સુપરત કરવામાં આવ્યો છે.

ભરૂચ પોલીસે ફરાર બે આરોપીને ઝડપી પાડ્યા

ભરૂચઃ બે અલગ અલગ ગુનાઓમાં લાંબા સમયથી ફરાર બે આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોકર ચોરીના ગુનામાં છેલ્લા સાત મહિનાથી ફરાર ચાલી રહેલા આરોપી મિલન ઉર્ફે જીત દાસ (રહે., હુગલી, પશ્ચિમ બંગાળ)ને પોલીસે પકડી પાડ્યો હતો. જ્યારે બીજી બનાવમાં નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138 હેઠળ કોર્ટ દ્વારા બે વર્ષની સાદી કેદની સજા ફટકારાયા બાદ છેલ્લા નવ મહિનાથી ફરાર અક્ષય પ્રવીણભાઈ પરમાર (રહે., સાબુઘર ઝૂંપડપટ્ટી, શક્તિનાથ, ભરૂચ) ને પણ ઝડપી પાડવામાં આવ્યો છે.

અંકલેશ્વર GIDCની કંપનીમાંથી મોટર, વાયરની ચોરી

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી રાજેશ ફાર્માસ્યુટિકલ્સ કંપની તસ્કરોના નિશાને ચઢી હતી. બંધ ફેક્ટરીમાં ઘુસેલા તસ્કરોએ બે મોટર અને કોપર વાયર સહિત રૂ. 30 હજારથી વધુના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. તસ્કરોએ ફેક્ટરીની દીવાલ કૂદી અંદર પ્રવેશ કર્યો હતો. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મલેકપોરમાં દીપડાનો આતંક, બકરાનો શિકાર કર્યો

પલસાણાઃ મલેકપોર ગામના જૂના ફળિયામાં રહેતા એક હળપતિ પરિવાર ઘરની પાછળ ગત રાત્રિ દરમિયાન એક હિંસક દીપડો ઘસી આવ્યો હતો. દીપડાએ ત્યાં બાંધેલા બકરાઓ પર હુમલો કરી એક બકરાને ફાડી ખાધો હતો, જ્યારે અન્ય એક બકરાને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ગામમાં અવારનવાર દીપડા મુક્તપણે ફરી રહ્યા છે, જેના કારણે હવે લોકો રાત્રે તો ઠીક પણ દિવસે પણ ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ તાત્કાલિક અસરથી આ વિસ્તારમાં પાંજરું મૂકી દીપડાને પાંજરે પૂરવા માટે ઉગ્ર માંગ કરી છે.

વ્યારાના બેડકુવા દૂરમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં યુવકનું મોત

વ્યારાઃ વ્યારાનાં બેડકુવા દૂર ગામે શનિવારની રાત્રિએ મજૂરી કામ કરતાં 34 વર્ષીય યુવક પ્રવિણ નટુભાઈ ચૌધરી (રહે., બેડકુવા દૂર, રેવા ફળિયું, તા.વ્યારા, જિ. તાપી)નું રેવા ફળિયામાં જ દૂધ ડેરીની પાસે ઉકરડા પાસે પાણી ભરેલા ખાડામાં કોઈ કારણસર પડી જતાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. જે અંગે કાકરાપાર પોલીસે તપાસ હાથ ધરી છે.

આંબોલી ગામ પાસેથી ચોરીની રિક્ષા સાથે રીઢો ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય SOG પોલીસે આંબોલી ગામે આવેલી ગીરનાર કાઠીયાવાડી હોટેલ નજીકથી એક રીઢા ચોરને ચોરીની ઓટો રિક્ષા સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીનું નામ ઈમરાન ઉર્ફે બીડી અમીન કડોડીયા (ઉ.વ.૪૮, રહે., ભેસ્તાન આવાસ, ડિંડોલી, સુરત, મૂળ કઠોર, સુરત) છે, જે હાલ બેકાર છે. આજથી આશરે દસ દિવસ પહેલાં આરોપી ફેજાન આલમખાન પઠાણે પલસાણાના ઇટાળવા ગામની સીમમાં આવેલી સુર્યાસી સોસાયટી પાસેથી ઓટો રિક્ષા (નં. GJ 05 DT 1945) ચોરી કરી હતી. આ રિક્ષા તેણે ઈમરાન ઉર્ફે બીડીને વેચવા માટે આપી હતી. આરોપી ઈમરાન ઉર્ફે બીડી સામે અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં કુલ ૨૦ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી વિરુદ્ધ કામરેજ પોલીસ સ્ટેશનમાં વાહન ચોરી, વિશ્વાસઘાત, છેતરપિંડી તેમજ અપહરણ અને ધાકધમકીના ૧૦ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ચોરીના બે ગુના તેમજ લાલગેટ, સરથાણા, વરાછા, પાંડેસરા, કીમ અને વડોદરાના મકરપૂરા પોલીસ સ્ટેશનમાં પણ ચોરીના ગુનાઓ દાખલ થયેલા છે. તેમજ કામરેજ પોલીસ મથકમાં તેની સામે દારૂબંધીનો એક ગુનો પણ નોંધાયેલો છે. SOG પોલીસે રૂ. ૧,૫૦,૦૦૦ની કિંમતની આ રિક્ષા કબ્જે કરી પલસાણા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

Milano
MULTIPLEX
બારડોલી
Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm
Minions & Monsters
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઇસમો માટે માંગરોલ તાલુકાના ઝાંખરડા ગ્રુપ ગ્રામ પંચાયત કચેરીના મકાનનું જુનું બાંધકામ તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૦૮/૦૭/૨૦૨૬ના બુધવારના સવારે ૧૧:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી ઝાંખરડા તા. માંગરોલ જી. સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છુક ઇસમોને હાજર રહેવા વિનંતી છે.

હરાજી શરતોને આધીન રહેશે.

સરપંચ
ઝાંખરડા ગ્રુપ ગ્રામ પંચાયત
તા. માંગરોળ, જી. સુરત

જાહેર નોટીસ વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૧/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ જી.સુરત. તા.૩૦/૬/૨૦૨૬

વાદી:- શાંતીલાલ મગનભાઈ પટેલ, રહે. ચોવીસી ફળીયુ, પલસાણા, તા.પલસાણા, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી પલસાણા
પલસાણા ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી શાંતીલાલ મગનભાઈ પટેલ, રહે. ચોવીસી ફળીયુ, પલસાણા, તા.પલસાણા, જી.સુરતના કાકા ઠાકોરભાઈ છનાભાઈ પટેલનું મરણ તા.14/04/1980 ના રોજ પલસાણા, તા.પલસાણા, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં યા તો મુદત તા. ૪/૮/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. 30/6/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ